
नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.



પ્રભાવના શ્રેણી પુસ્તક નં. ૫

# મહાસતી
# પ્રભંજના અને રોહિણી

સંયોજક અને સંપાદક :-
સાહિત્યપ્રેમી મુનિશ્રી નિરંજનવિજયજી
મહારાજ સાહેબ.

卐 વિ. સંવત ૨૦૧૧

## ધાર્મિક સ્થાનોમાં પ્રભાવના કરવા લાયક સસ્તા અને સુંદર

# પોકેટ સાઈઝનાં પુસ્તકો

(૧) **શ્રાવક કર્તવ્ય** (હિન્દી) સવારથી સાંજ સુધી કરવા યોગ્ય કાર્યોની નોંધ. પૃષ્ઠ ૨૨૫ કિં. માત્ર આઠ આના (જુજ નકલો છે).

(૨) **મહાપ્રભાવિક નવસ્મરણાદિ સંગ્રહઃ**–ગૌતમ સ્વામીનો મોટો રાસ, નવગ્રહ પૂજા પ્રકાર તથા જાપ વિધિ, પ્રાચીન લોગસ્સકલ્પ, ૨૧ ગાથાનો ઉવસગ્ગહરં આદિ વિવિધ સ્તોત્ર તથા છંદોનો સંગ્રહ. પૃ. સં. ૧૦૦ કિં. ૦–૬–૦

(૩) **શ્રી જિનેન્દ્ર ગુણમણિમાળા** ભા. ૧–૨ સાથેઃ–પ્રાચીન ચૈત્યવંદનો, પ્રાચીન સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ નૂતન સ્તવનાદિ સંગ્રહ. પૃષ્ઠ સં. ૪૫૦ કિંમત ૦–૧૩–૦.

(૪) **શ્રી જિનેન્દ્ર નૂતન સ્તવન મંજૂષા :** ચૈત્યવંદનો, નૂતન સ્તવનો, ગરબા, ગાયનો આદિ સંગ્રહ પૃ. સં. ૨૬૨, કિં. ૦–૧૦–૦

(૫) **કલ્યાણકાદિ સ્તવન**–પંચ કલ્યાણકનાં સુંદર ગાયનો, ગરબાઓ આદિનો મનોહર સંગ્રહ પૃ. સં. ૧૨૫ કિં. ૦–૬–૦

(૬) **લઘુ સંવાદ સંગ્રહઃ**–દેવદર્શન, જિનપૂજા વિગેરે સૂચક નાના નાના સંવાદો. પૃ. ૬૪, કિં. ૦–૪–૦.

(૭) **સચિત્ર સ્થાપનાજીની** સુંદર બુક ૭ મનોહર ચિત્રો સાથે. સો નકલના પાંચ રૂપીઆ, એક નકલનો એક આનો.

(૮) **વિધિયુક્ત હિન્દી સામાયિક સૂત્રઃ**–પૃ. ૧૧૨ કિં. ૦–૮–૦.

(૯) **મનમોહન સ્તવનાવલી** હિન્દીઃ–ચૈત્યવંદન વિધિ સાથે સ્તવનાદિ સંગ્રહ, પૃ. પર કિં. ૦–૪–૦.

(૧૦) **નવપદ ...ાનુપૂર્વી**ઃ–સચિત્ર. સો નકલના રૂા. ૮ એકના બે આના.

...**ન મંજરી**ઃ–હિન્દી, સૂત્રો સાથે ચૈત્યવંદન વિધિ તથા ...તનસ્તવનાદિ સંગ્રહ. પૃ. ૧૩૬, કિં. ૦–૪–૦.

## ...ન પ્રકાશન મંદિર

પુસ્તકની કોઇએ આશાતના કરવી નહીં. (૩૫)

આ પુસ્તક વધુ માણસો વાંચે તેમ ફેલાવો કરવા સજ્જનોને અમારી નમ્ર વિનંતિ છે.

પ્રભાવના શ્રેણી પુસ્તક નં. ૫

# મહાસતિ પ્રભંજના

અને

# રોહિણી

સંયોજક અને સંપાદક:—

પૂ. મુનિવર્ય શ્રી ખાન્તિવિજયજી મ. સા. ના શિષ્ય:—

સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ. સા.

—卐—

લેખક:—શ્રીયુત્ પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી.

—卐—卐—

પ્રકાશક:— ગુણવંતલાલ મણીલાલ

C/o મણીલાલ ધરમચંદ

ઠે. પાંજરાપોળ, અમદાવાદ.

વીર સંવત ૨૪૮૧ 卐 શ્રી નેમિ સં. ૬ 卐 વિ. સંવત ૨૦૧૧

**વાંચો અને વિચારો:—**

સરકારી અદાલતોમાં સત્યવાત ઉપર પણ કદાચ ઢાંકપિછોડો થાય અર્થાત્ સત્ય પક્ષવાળાની હાર થઈ જાય અને અસત્યવાદી જીત મેળવી જાય, પણ કર્મરાજ પાસે તો સૌ સરખા છે, પછી તે ભલે ને તે શ્રી તીર્થંકર દેવ હો ! કે સામાન્ય પ્રાણી હો ! ચક્રી હો ! કે વાસુદેવ હો ! મોટો ચમરબંધી રાજા હો ! કે એક ગરીબમાં ગરીબ રંક હો ! જ્ઞાની હો ! કે અજ્ઞાની હો ! વૃદ્ધ હો ! કે યુવાન હો !

દુનિયામાં મેળવેલ જીત કે હાર ત્યાં કશા કામમાં નથી આવતી. સૌ કોઈ પ્રાણીને પોતપોતાનાં કરેલાં કર્મ (શુભ-અશુભ કરણી) પ્રમાણે ફલ ભોગવ્યે જ છૂટકો છે. તો પછી હે ચેતન ! શુભ કે અશુભ કર્મ કરતાં પહેલાં જ ઘડીભર થોભી જરૂર વિચાર કરી લે કે–તને શુભ કર્મનું ફલ જે સુખ શાંતિ મળે તેવી વાંચ્છા છે ? કે અશુભ કર્મના ફલ સ્વરૂપે દુ:ખની પરંપરા અને અશાન્તિ મલે તેવી વાંચ્છા છે ? એ બન્ને વાતનો નિર્ણય તારા મનમાં તું પહેલાં કરી લે—

૧ જે કર્મે શ્રી ઋષભદેવ પ્રભુ જેવાને તેર માસ ને અગ્યાર દિવસ સુધી આહારનો અંતરાય કર્યો તે કર્મ...હે ચેતન ! તને છોડી દેશે ? તેનો વિચાર કર !

—જે રામચંદ્રજીની ન્યાયનીતિ જગ પ્રખ્યાત છે તેમને પણ બાર વર્ષ સુધી વનમાં ભટકાવ્યા તે કર્મ...હે માનવ ! તને છોડી દેશે ? વિચાર !


—જે કર્મે પાંચ પાંડવોને બાર વર્ષનો વનવાસ અપાવ્યો અને કુટુંબનો નાશ કરાવ્યો તે કર્મ...હે ચેતન ! તને છોડી દેશે ? તે વિચાર !

—જે કર્મે સત્યવાદી હરિશ્ચન્દ્ર રાજાને રાજ સાહેબીનો ત્યાગ કરાવીને નીચના ઘરે પાણી ભરાવ્યું, તે કર્મ...હે વિચારક ! તને છોડી દેશે ? તે વિચાર !

—જે કર્મે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવને સાડાબાર વર્ષો સુધી પ્રાણાન્ત ઉપસર્ગો કરાવ્યા, તે કર્મ...હે ચેતન ! તને છોડી દેશે ? તે વિચાર !

**—સં. મુનિ નિરંજનવિજય.**

# ંવર યાને મહાસતી
# પ્રભંજના



(૧)

વિદ્યાધરોની ચંદ્રાંકા નગરીમાં ઠેર ઠેર ધ્વજાઓ અને તોરણો લટકી રહ્યાં હતાં. રાજમાર્ગો સાફ અને પાણીના છંટકાવથી સુંદર દેખાતા હતા. નગરના સ્ત્રી અને પુરૂષો બધા રાજમહેલ તરફ સુંદર કપડાં પહેરી જઈ રહ્યા હતા. રાજમહેલના સામેના ચોગાનમાં મોટો સમીયાણો બંધાયો હતો. વચ્ચે રાધાવેધ ગોઠવાયો હતો અને તેની સામે પ્રજાજનોને બેસવા ગાલીચા પાથર્યા હતા. ચારે બાજુએ દેશવિદેશથી આવેલા રાજકુમારો માટે ઉંચી જરીયાન–બેઠકો ગોઠવાઈ હતી. દરવાજાની સામોસામ ચક્રાયુધ રાજા માટેનું રાજ્યસિંહાસન ઢળાયું હતું. આસપાસ પ્રધાનો પુરોહિતો અને આગેવાન શહેરીઓની બેઠકો ગોઠવાઈ હતી. રાજ્યસિંહાસનની જમણી બાજુએ પડદો રાખવામાં આવ્યો હતો. જેની અંદર રાજ્યરાણી **મદનલતા** અને રાજકુંવરી **પ્રભંજના**નાં સિંહાસન તથા તેમના સખીવર્ગ માટે બેઠકો ગોઠવાઈ હતી.

બરાબર નવ વાગ્યા. આખો મંડપ ઉભરાઇ ગયો. દેશ દેશના વિદ્યાધર રાજકુમારો પોતાના શરીર ઉપર ક્રોડોનાં જવાહર શણગારી ગોઠવાઈ ગયા. પ્રધાનો અને શ્રેષ્ઠિઓએ પોતાનું સ્થાન લીધું ત્યાં છડીદારે છડી પોકારી અને ચક્રાયુધ

રાજા પધાર્યા. રાજ્યસિંહાસને બેઠા કે તુર્ત હુકમ છોડયો: 'પુત્રી પ્રભંજનાને વરમાળા લઈ મોકલો. તે દેશ દેશના આવેલ પ્રતાપી તેજસ્વી રાજકુમારોને જોઈ તેમનો રાધાવેધ નિરખી ઇચ્છિત વર વરે.'

પડદામાંથી રાજ્યરાણી મદનલતાએ જવાબ આપ્યો: 'પુત્રી તેની હજાર સખીઓ સાથે **સુવ્રતા** સાધ્વીજીને વંદન કરવા ગઈ છે. હમણાંજ આવતી હશે.'

આખી સભા **પ્રભંજના**ના આગમનની રાહ જોતી બેઠી. રાજકુમારો સ્વયંવર વરવાને સમયે પણ ધર્મને પ્રથમ સંભારનાર રાજકુમારી ધર્મઘેલી હશે કે કળાકુશળ હશે વિગેરે તર્કમાં પડયા.




(પૂં. સાધ્વીજી મહારાજ સાથે રાજકુમારી પ્રભંજનાનો વાર્તાલાપ)

( ૨ )

પ્રભંજનાએ હજાર સખીઓ સાથે સુવ્રતા સાધ્વીજીને **'मत्थेएण वंदामि'** કહ્યું.

આધેડ વયનાં તપત્યાગથી ભાવિત આ તેજસ્વી સાધ્વીજીએ ઉંચું જોયું તો કિંમતી દાગીનાઓથી વિભૂષિત થયેલી અનેક સુંદર વસ્ત્રોથી પોતાના રૂપને દ્વિગુણિત કરતી આનંદમાં મહાલતી આ બાળાઓને જોઈ પૂછ્યું: 'પ્રભંજના ! કેમ આજે આટલી બધી તમે હર્ષઘેલી છો ?'

પ્રભંજના શરમાઈ પણ એક સખી બોલી: 'મહારાજ ! આપને નગરમાં શું થાય છે તેની ખબર નથી ?'

'ના ! અમારે શા માટે ખબર રાખવી જોઇએ ?' સાધ્વીજીએ કહ્યું.

શરમાતી એક વિદ્યાધર પુત્રી બોલી 'અહિં રાધાવેધ મંડાયો છે અને હજારો રાજપુત્રો ચદ્રાંકામાં આવ્યા છે. આખું નગર ત્યાં ઉલટયું છે. અમે ત્યાં જતા પહેલાં આપના વંદનરૂપ માંગલિક માટે અહિં આવ્યાં હતાં.'

'ત્યારે તમે બધાં આજે જ સ્વયંવરમાં વરવાના છો એમજ ને ?'

વિદ્યાધર પુત્રીઓએ નીચું જોયું, પણ સાધ્વીજીએ કહ્યું: 'આમાં આનંદ શા ? આનંદ તો જ્યાં સદા સુખમગ્ન રહેવાય ત્યાં હોય. આ વિષય સુખ તો મધથી ખરડાયેલ તરવારની

ધારને ચાટવા જેવું છે. તરવારને જીભ અડાડતાં તે મીઠી લાગે પણ જીભ કપાતાં વેદનાનો પાર નહિ. વિષય એ તો હળાહળ ઝેર છે. ભવોભવ રખડાવનાર અને અને આત્માના સદ્‌ગુણોનો મૃત્યુઘંટ છે. આમાં થોડું જ કલ્યાણ છે. આવાં વર ને ઘર આજ સુધી ભવોભવમાં ઓછાં થયાં છે ?'

**"વિષય હળાહળ વિષ જિહાં, શી અમૃત બુદ્ધિ લો,**
**ભોગસંગ કારમા કહ્યા, જિનરાજા સદાઈરે લો.**
**રાગદ્વેષ સંગે વધે, ભવભ્રમણ સદાઈરે લો."**

પ્રભંજના બોલી: 'મહારાજ ! વાત તો આપની સાચી પણ અનાદિકાળનો વિષયસંગી જીવ થોડા જ વિષયવાસના છોડી શકે છે ખરેખર **આર્યે આપ જેવાઓએ તેનો ત્યાગ કર્યો છે તેને ધન્ય છે.** અમો કાયર વિષયવાસના ભુંડી જાણ્યા છતાં છોડી શકતાં નથી તેનું શું થાય ?'

આ તે વૈરાગ્ય અને તત્ત્વની વાત કરવાનો સમય છે, સૌ જાણે છે કે કલ્યાણનો તે માર્ગ છે. પણ આપણે અત્યારે તો જ્યાં જઇએ છીએ ત્યાં જઇએ પછી ભુક્તભોગી બની આ માર્ગ ક્યાં નથી લેવાતો ? પ્રભંજના ! રાજસભા ભરાઈ ગઈ છે. પિતા કોપશે. જલદી ચાલો. ' ઉતાવળે ઉતાવળે બે સખીઓ બોલી.

"સખિઓ ! વૈરાગ્ય અને તત્ત્વની વાત તો જીવનની ધન્ય પળેજ આવે છે. વિષય અને સંસારના સુખ તો જગત્‌માં ઠેર ઠેર મળે છે. આપણાથી ધર્મ ન થાય તેમાં આપણી

કાયરતા–નિર્બળતા માનવી. બાકી ભુક્તભોગી બની વૈરાગ્ય માર્ગે વળશું તે કહેવું ખોટું છે. સ્ત્રીનું જીવન થોડું જ સ્વતંત્ર છે, અને નિર્મળ વિચારધારા થોડી જ કાયમ રહે છે.”

‘ત્યારે તારે અત્યારેજ લગ્નમંડપને દીક્ષા મંડપ બનાવવો છે ?’ સખીઓએ પ્રભંજનાનો તિરસ્કાર કરતાં કહ્યું.

‘હા. ’ પ્રભંજનાએ મક્કમતાથી કહ્યું.

સાધ્વીજીએ કહ્યું: ‘ચોકખા વસ્ત્રને કાદવમાં ખરડી ધોવાની ઇચ્છા સારી કે કાદવથી વસ્ત્રને દૂર રાખવું તે સારૂં ? નિર્મળ બ્રહ્મચર્યવાળી બાળાએ આત્મગુણમાં આગળ વધવું તે ઠીક કે પરણ્યા પછી જંજાળ વધારી છોડવાની ઈચ્છાએ લગ્ન કરવાં તે ઠીક ? બાળાઓ ! આજે ભલે તમે સ્વયંવરથી વરને વરો, પણ વરને ઘેર ગયા પછી તમારૂં ઘર થયા પછી થોડાં જ તમે ઈચ્છશો ત્યારે નીકળી શકશો.’ સાધ્વીજી અને બાળાઓની પ્રશ્નોત્તરી આગળ ચાલી પણ પ્રભંજનાનું ચિત્ત શરૂઆતમાં તો સાધ્વીજીના ઉપદેશ તરફ રહ્યું, પણ પછી તો તે ચિત્તમાં ઉંડીને ઉંડી વિચારધારાએ ચડી.

**“કુણનારે સગપણ કેહની માયા,**
**કેહતાં સજ્જન સગા રે**
**સજ્જન વરગ કોઈ સાથ ન આવે,**
**આવે આપ કમાઇ રે**
**મ્હારૂં મ્હારૂં સૌ કહે પ્રાણી,**
**ત્હારૂં કોણ સગાઇ રે**

**આપ સવારથ સહુને વ્હાલો,**
**કુણ સજ્જન કુણ માઇ રે"**

'હું સ્વયંવરમાં જેને વરવા ઈચ્છું છું આવો વર હું શું સંસારમાં પહેલવહેલી જ વરી રહી છું? જે ભોગ સુખ માટે હું તલપાપડ બની છું તે ભોગ સુખ શું મેં પહેલવહેલાં ભોગવ્યાં છે ? હે ચેતન ! તેં આવા સુખ ઘણાં ભોગવ્યાં અને વર ઘર પણ ઘણાં કર્યાં.'

**'એ મહારો એ પારકો રે અ૦ સવિ આરોપિત ભાવ.'**

"આ મારૂં આ પારકું એ કેવળ મોહ છે. જગતમાં મારૂં હોય તો સાથે રહેલું જ્ઞાન દર્શન અને ચારિત્ર છે. ભોગોને ભલે સુખનાં સાધનો માન્યાં પણ તે તો કાયાને હ્રાસ કરનારા છે અને ચેતનના ગુણને મંદ કરનારા છે. હું જ્યારે મારો વિચાર કરૂં ત્યારે તો ખરેખર મારો આત્મા એ જ હું છું. અને તે તો ચિદ્રૂપ, અમૂર્ત અને જ્ઞાનમય છે." પ્રભંજનાની વિચારધારા આગળ ચાલી. તેના હૃદયમાં તીવ્ર વૈરાગ્યની ચિનગારીએ મોહનાં જાળાં બાળ્યાં અને સાથે સાથે કર્મપડળ બાળી જ્ઞાનના દરવાજા ઉઘાડયા. સાધ્વીજી અને સખીઓનો વાર્તાલાપ તો ચાલુ રહ્યો. ત્યાં દેવદુંદુભિ ગાજી અને દેવોએ પ્રભંજનાને કેવળી કહી વાંદી મુનિ-સાધ્વીવેષ આપ્યો. હજાર સખીઓ પ્રતિબોધ પામી. પ્રભંજનાને ચેલી બનાવવા ઈચ્છતાં સુવ્રતા સાધ્વીજીએ પ્રભંજનાને પરમ ગુણી માની વાંદ્યાં અને સ્તવ્યાં.

( ૩ )

ચક્રાયુધ રાજાએ બેવાર ત્રણવાર દાસીઓને મોકલી અને કહ્યું કે જાઓ અને પ્રભંજનાને કહો કે 'બેટા! વિલંબ ન કરતાં સાધ્વીજીને વાંદી તુર્ત પાછા આવો.'

દૂરથી આવતી દાસીને જોઈ સભાજનો અને રાજા ટટ્ટાર થયા. રાજા પુછે તે પહેલાં દાસી બોલી: 'મહારાજ! પ્રભંજના હમણાં તુર્ત આવે છે.'

ત્યાં દેવદુંદુભિ ગાજી આકાશમાં તેજના અંબાર પ્રથરાયા. ઉતાવળે નગરલોકો ઊભા થયા અને ઉંચું જોઈ બોલ્યા: 'આ તો દેવો આપણા નગરમાં આવે છે. સમીયાણાથી થોડેજ દૂર દેવદુંદુભિનો અવાજ અને કોળાહળ જાગ્યો છે.'

ત્યાં દોડતી બે દાસીઓ આવી અને કહેવા લાગી: મહારાજા! **રાજકુમારી પ્રભંજનાને કેવળજ્ઞાન થયું છે. દેવો તેનો ઉત્સવ ઉજવે છે.'**


રાજા શરૂઆતમાં તો મંડપનો હેતુ નિષ્ફળ જતાં ગ્લાન બન્યો પણ બીજી જ ક્ષણે વિના પ્રયત્ને પુત્રીને કેવળજ્ઞાન પ્રગટયાનું જાણી કુળને અજવાળ્યાનો પરમ આનંદ થયો.

આખો મંડપ આંખના પલકારામાં ખાલી થયો. સૌએ ઉપાશ્રયે જઈને પ્રભંજના કેવળીને વાંદ્યા. અને તે જ લગ્નમંડપ હજાર સહચરીઓ માટે દીક્ષા મંડપ બન્યો. લગ્નના ઉમેદવારો અને જાનૈયાઓ દીક્ષાના મહોત્સવના સાજન બન્યા અને દીક્ષા ઉત્સવને અનુમોદી કોઈ સમકિત તો કોઈએ અણુવ્રત લઈ પોતાના આત્માને અજવાળ્યા.

## આ બન્ને પુસ્તકો દરેક જૈને ખાસ વાંચવા જ જોઈએ

### પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી આદિનાથ

**ઘણા સુધારા વધારા સાથે શાસ્ત્રીય અને કળાદષ્ટિએ તૈયાર કરાવેલા ૪૦ સુંદર ચિત્રો સાથે**




પહેલી આવૃત્તિ ટૂંક સમયમાં જ ખલાસ થઈ જવાથી આ બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. આમાં ભગવાન ઋષભદેવના વખતના યુગલિયા મનુષ્યો કેવા હતા, તે વખતે લોક વ્યવહારથી અજાણ લોકોને ભગવાન ઋષભદેવે કઈ કઈ કળાઓ શીખવી. તથા લોકોમાં ધર્મનો ફેલાવો કેવી રીતે કર્યો, તેમના પૂર્વ ભવો, તેમના પુત્ર ભરત બાહુબલિ વગેરેનાં સુંદર વર્ણન અને અખાત્રીજ પર્વની ઉત્પત્તિ શાથી થઈ વગેરે હકીકત સુંદર અને સરળ ભાષામાં બોધદાયક અનેક ચિત્રો સાથે આપવામાં આવી છે. પૃષ્ટ ૨૭૨, ૪૦ ચિત્રો, કિંમત એક નકલના રૂા. ૨-૮-૦

### ભગવાન શ્રીનેમિનાથ અને શ્રીકૃષ્ણ :—




આ પુસ્તકમાં ત્રિકાળજ્ઞાની કથિત જૈન સાહિત્ય દૃષ્ટિએ આજથી છ્યાસી હજાર વર્ષ પૂર્વે થયેલ ભગવાન શ્રીનેમિનાથ, શ્રીકૃષ્ણવાસુદેવ, બલદેવજી તથા વસુદેવજી, યાદવો પાંડવો અને કૌરવો તેમજ સત્યભામા રૂક્મણી, શાંબ, પ્રદ્યુમ્ન, જરાસંઘ, કંસ વિગેરેનો જીવન પરિચય તથા દ્વારિકાદહન તેમજ શ્રી કૃષ્ણના આગામી ભવ સંબંધી વૃત્તાંત બોધક સરળ અને સુંદર શૈલીમાં આલેખાયેલ છે. ભાવવાહી અને પ્રાસંગિક ૩૪ સુંદર ચિત્રો તથા ૨૦૮ પૃષ્ઠનું દળદાર પુસ્તક હોવા છતાં પ્રચાર માટે કીંમત માત્ર બે રૂપીઆ.

પ્રાપ્તિસ્થાન **જસવંતલાલ ગીરધરલાલ શાહ**
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ, **અમદાવાદ.**

# વિકથા યાને રોહિણી

(૧)

વિકથા એટલે કુથળી. વિકથા પરમ તપસ્વી, જ્ઞાની અને કેઈ ઉંચે ચઢેલાઓને ઘડીકમાં અધોગતિમાં નાંખે છે. ઘરબાર છોડી સંયમ લેનાર ઊંચે ચડેલ મુનિ, અસિધારા જેવાં વ્રત પાળનાર શિળવંત પુરૂષો અને પરમ તપસ્વીનાં તેજ તેણે ઓછાં કર્યાં છે.

(૨)

રોહિણી એ કુંડનપુર નગરના સુભદ્રશેઠની એકની એક પુત્રી હતી. શેઠ અતિ ધર્મિષ્ઠ સરળ અને ક્રિયાશીલ. શેઠના



આ સંસ્કાર પુત્રીમાં પણ ઉતર્યા. પુત્રી પોસહ, પ્રતિક્રમણ વિગેરે આવશ્યક ક્રિયાઓમાં રક્ત રહેતી અને સાથે સાથે કર્મ-ગ્રંથ કમ્મપયડી વિગેરે અનેક ગ્રંથોને ભણતી.

સુભદ્રશેઠે તેને ઉંમરલાયક થતાં પોતાના જેવાજ ધર્મિષ્ઠ શ્રેષ્ઠિપુત્ર વેરે પરણાવી. રોહિણી સાસરે ગઈ પણ થોડાજ દિવસમાં વિધવા થઈ. વિધવા બનેલ રોહિણીએ લોકાચાર મુજબ રૂદન કર્યું પણ તેનું ચિત્ત ધર્મમાં પરોવાયેલ હોવાથી હાયવોય ઓછી કરી તે અધ્યાત્મ માર્ગે વળી. તેણે વિચાર્યું કે 'કોના મા બાપ અને કોના વર ને ઘર ?'

રોહિણી જાણે થોડા દિવસ યાત્રાએ ગઈ હોય તેમ શ્વસુર ગૃહથી શ્રેષ્ઠિને ઘેર–પિયર પાછી ફરી અને પિતાને ત્યાંજ રહી. તેની ધર્મકરણી ઉત્તમ, તેનો સ્વાધ્યાય ભલભલા મુનિઓ પ્રશંસે તેવો, તેના તપ એટલે વિવિધ અભિગ્રહોની હારમાળાથી ગુંથાયેલ. આદર્શ શ્રાવિકા જેવી રોહિણી કુંડનપુરમાં ઘેર ઘેર પ્રશંસા પામી. તેના દર્શને લોક પોતાની જાતને કૃતકૃત્ય માનતા થયા.

( ૩ )

મોહરાજાને પાપકરણી પસંદ. તેને કોઇ ધર્મમાં ચડે તે ગમે જ કેમ ? તેને લાગ્યું કે રોહિણી આમ વધુ વખત રહી તો કદાચ સાધ્વી બનશે કે કદાચ ગૃહસ્થ જીવનમાં જ કેવળી થશે અને તેમ બને તો તેના સુંદર જીવનથી અનેકને તારશે. તેના જીવનમાં વિવેક છે. ધર્મ છે. કષાય પાતાળા છે, તે કઈ રીતે લાંબો વખત સંસારમાં ટકે. ત્યાંતો મોહરાજાની સ્ત્રી કુદષ્ટિની સખી વિકથા બોલીઃ 'મહારાજ ! બહુ ફીકર ન કરો. ઉંચામાં

ઉંચા ચડેલાને પાડવામાં હું સમર્થ છું. જુઓ મારો પ્રભાવ. પરમ જ્ઞાની હોય પણ હું તેનામાં દાખલ થાઉં એટલે તેનું બધું જ્ઞાન ફોક. જે જ્ઞાન આગળ લઈ જતું હોય તેજ તેને પાડે. પરમ તપસ્વી હોય પણ મારો સંગ થયો એટલે તેનું તપ તેનેય શુદ્ધ ન કરે અને બીજાને પણ આદર ઉત્પન્ન ન કરે. ગમે તેવા ઉત્કટ બ્રહ્મચારી હોય પણ મારા સંગમાં આવ્યો એટલે તેના બ્રહ્મચર્યની કિંમત કોડીની. તેની પ્રશંસાને બદલે ઠેર ઠેર નિંદાજ થાય.' વિકથા અદશ્ય થઈ અને રોહિણીમાં દાખલ થઈ.

( ૪ )

રોહિણી પોસહ પડિક્કમણાં અને અનેક વ્રતો કરતી પણ હવે તે નિંદા કરતી થઈ ગઈ. આડોશપાડોશની સ્ત્રીઓ ક્રિયાકાંડ ઓછાં કરે તે માટે બોલતી કે 'શું આતો એમજ માનતાં લાગે છે કે છોકરાં અને વર ઘર તેમને સ્વર્ગે લઈ જશે. છે કોઈમાં કાંઈ વિવેક ? ચઉદશ આઠમનું સરખુંય કોઈ ને ભાન છે ?' પોષાહ પડિક્કમણાં કરવા આવતી સ્ત્રીઓના પણ તે છિદ્ર જોતી થઈ, અને કોઇ ક્રિયા ઉતાવળે કરે કે પડિલેહણમાં પુરતું ધ્યાન ન આપે તો બોલી ઉઠતીઃ 'આ તે કાંઈ તમારી ક્રિયામાં ઢંગધડા છે ? આ બધું શું કામ કરો છો ? લોકોને બતાવવા કરો છો ? કે આત્મા માટે ?'

રોહિણીની આ રીત દિવસે દિવસે વધવા લાગી. પડિક્કમણું કરી ઓટલે બેસે અને કલાકના કલાક સુધી લોકોનાં નળીયાં ઉકલી કેટલાય ઓટલા ભાગે અને માંડે. દેરાસર જાય તો દેરાસરમાં સુંદર કંઠે સ્તવન ગાય ભાવથી ચૈત્યવંદન કરે પણ રસ્તામાં જે કોઈ મળે તેની સાથે આખા ગામની તેને પંચાત. કોઇની વહુનાં રૂપ વખાણે તો કોઈના જમાઈના અવર્ણવાદ બોલે. ગામ–પાટામાં તેને ખુબ રસ. અક્કર ચક્કરની વાતો લાવે અને મન મંછાએ તેના રદીયા આપે. વિહારમાં આવતા સાધુ સાધ્વીના પણ ગુણ સાથે દોષોને પણ જોયા વગર રહેતી નહિ. તેની વિકથા એટલી વધી કે ધર્મ કરણી કર્યા છતાં તે ધર્મના કાર્યોમાં પણ ક્યાંક ક્યાંક દૂષણો બોલતી. સારા સારા આચાર્યો અને સાધ્વીઓએ રોહિણીને કહ્યું: 'રોહિણી ! તું સારૂં ભણેલી, આચાર વિચારને સારી જાણનારી સારા સંસ્કારે ઉછરેલી છતાં શા માટે જીભના દોષથી આકરી થાય છે' એમ શાસ્ત્રમાં કહ્યું છે કે

"यदीच्छसि, वशीकर्तुं जगदेकेन कर्मणा
परापवाददोषेभ्यश्चरंतीं मां निवारय"

'જો એક જ કાર્યથી જગત્‌ને વશ કરવા ઈચ્છતા હો તો પારકી નિંદા કરતી એવી વાણીને રોકો.' એટલે કે પ્રિય અને સત્ય વાણી દુનીયાને વશ કરવા સમર્થ છે.

રોહિણીએ આમાંથી ગુણ ન લીધો અને ઉલટું બોલી: 'મહારાજ ! શું કહો છો આજે તે કાંઈ ચારિત્રનાં ઠેકાણાં છે ચારિત્ર તો કેવું જોઈએ માંખની પાંપણ પણ ન દુઃભાય પણ તમે શું કરો ? આજનો કલિકાળ પંચમઆરો એવો છે કે સાચું ચારિત્રજ ન પળાય.'

(૫)

એકવાર રોહિણી જિનમંદિરે જતી હતી ત્યાં તેની નજર એક રૂપ રૂપના અંબાર સરખી ક્રોડો રૂપીયાના ઘરેણાથી લાદેલી સ્ત્રી ઉપર પડી. આ સ્ત્રીએ સુંદર સેંથો પાડેલો હતો. મુખના હોઠ તેના લાલ હતા. સખીઓ સાથે હસતાં તેના ગાલમાં ખાડા પડતા હતા. રોહિણીએ મુખ મરડયું અને પાસે ઉભેલી સ્ત્રીને કહ્યું કે 'કેવો અદાડો આવ્યો છે રાજરાણી તો સંસ્કારના ધામ જેવી જોઈએ તેને બદલે જુઓને આ તે રાજાની રાણી છે કે વેશ્યા ? એના ઢંગધડાજ કહી આપે છે કે એનામાં કાંઇ શિયળના સંસ્કારનો છાંટો નથી.' દૂર ઉભેલી દાસીએ આ વચન સાંભળ્યું અને તેણે શેઠની પુત્રીનું વચન રાજાને કહ્યું.

રાજાને રાણી ઉપર પુષ્કળ પ્યાર હતો. તેણે રાણીમાં કોઈ દોષ જોયો નહતો. અછતા દોષને સાંભળી રાજાને ઝાળ લાગી. તેણે રોહિણીને પોતાની પાસે પકડી મંગાવી અને પૂછ્યું 'રોહિણી ! સાચું બોલ, કયા પુરૂષ સાથે રાણીને તેં

વિલાસ કરતાં દેખી. રોહિણી ! મારો ભય ન રાખ અને તેં કોઈ પુરૂષ સાથે તેને હસતાં બોલતાં સાંભળી હોય તો તું સુખેથી કહે.'

રોહિણીએ કહ્યું: 'રાજન્! કાંઈ કોઈનાં થોડાંજ કાંડાં પકડાય છે? લોકો તો તેના ચેનચાળા ઉપરથી સારા ખોટા જણાય. સુશીલ માણસો તો છાના ઓછા રહે છે. વધુ શું કહું? રાજરાણી થઈ ખડખડ હસે અને આટલા બધા શૃંગાર શાના ધરે?'

સખીઓ સાથે હસે બોલે અને ઘરેણાં તથા કપડાંની શોભામાત્રથી રાણી અસતી છે તેમ તું કહે તે કેમ ચાલે? 'રોહિણી! રાજરાણી વૈભવ ન માણે તો માણે કોણ?' શેઠ તરફ ફરી રાજાએ કહ્યું: 'શેઠ! પુત્રીને શિખામણ આપો કે જીભ વશ રાખે.'

શેઠે કહ્યું 'રાજન્! મેં એને ઘણું કહ્યું કે પુત્રિ! તારૂં તપ, જ્ઞાન આચાર બધું આ વિકથાથી એળે જાય છે. તું ઠેર ઠેર હડ હડ થાય છે, પણ તે માનતી જ નથી.'

રોહિણીને રાજાએ રજા આપી પણ તેનો વિકથા દોષ વધુને વધુ ઉગ્ર થતાં તેને કાઢી મુકી. રોહિણી જંગલ વન ભટકી આર્તધ્યાન ધરી અનેકની નિંદા કરતી અને જગત્થી નિંદાતી અનેક નિંદ્ય દુર્ગતિમાં રખડી.

(શ્રાદ્ધવિધિ.)

# નાના મોટા સૌને ઉપયોગી સચિત્ર પુસ્તકો

લેખક અને સંપાદક સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ.સા.

આ પુસ્તકોની લેખન શૈલી નાના મોટા સૌને હોંશે હોંશે વાંચતા ગમી જાય તેવી સરળ ને બોધક છે. ભાવવાહી સુંદર ચિત્રોથી ભરપૂર છે.

(૧) **અવન્તીપતિ વિક્રમાદિત્યઃ**–પરદુઃખભંજન વિક્રમરાજાનો ટુંક ધાર્મિક જીવન પરિચય. ૧૫ સુંદર ચિત્રો સાથે કિં. આઠ આના.

(૨) **સુપાત્ર દાનનો મહિમા યાને શ્રેષ્ઠિ ગુણસારઃ**–૧૧ સુંદર ચિત્રો સહિત પ્રેરક જીવનકથા પેજ ૭૦ કિં. આઠ આના.

(૩) **જ્ઞાનપંચમીનો મહિમા યાને વરદત્ત ગુણમંજરીઃ**–૭ સુંદર ચિત્રો સહિત બોધદાયક બે જીવનકથા. પેજ ૭૦ કિં. આઠ આના.

(૪) **અખાત્રીજનો મહિમાઃ**–ભાવવાહી ૧૯ સુંદર ચિત્રો સાથે શ્રી ઋષભદેવ પ્રભુનું સરળ અને ટુંક જીવન ચરિત્ર. પેજ ૧૧૨ કિં. ૧૨ આના

(૫) **મૌન એકાદશીનો મહિમા યાને સુવ્રતશેઠઃ**–ટુંકમાં શ્રી નેમિનાથપ્રભુનું અને સુવ્રતશેઠનું બોધદાયક અને સરળ ચરિત્ર. ૧૪ સુંદર ચિત્રો સાથે પૃષ્ઠ ૬૪ કિં. નવ આના.

(૬) **પોષ દસમીનો મહિમા યાને શ્રી પાર્શ્વનાથ અને સુરદત્ત ચરિત્રઃ**–૧૪ ભાવવાહી સુંદર ચિત્રો સાથે પૃષ્ઠ ૬૪ કિં. ૮ આના

(૭) **રોહિણી તપનો મહિમાઃ**–સચિત્ર રૂપે છપાય છે.

(૮) સામાયિક સૂત્ર ૨૦ સુંદર સચિત્રો સહિત પેજ ૪૮ કિં. ૦–૪–૦

## પ્રાપ્તિસ્થાન

જશવંતલાલ ગિરધરલાલ શાહ, ૧૨૧૮, રાસુરચંદની પોળ, અમદાવાદ

પંડિત ભુરાલાલ કાલીદાસ, હાથીખાના, રતનપોળ,......અમદાવાદ

મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ, ડોસીવાડાની પોળના નાકે...અમદાવાદ

સોમચંદ ડી. શાહ, જીવન નિવાસ પાસે,......પાલીતાણા (સૌરાષ્ટ્ર)

મેઘરાજ પુસ્તક ભંડાર, પાયધૂની ગોડીજીની ચાલ......મુંબઈ ૨.

બાલુભાઈ રૂઘનાથ, અંબાજીના વડ પાસે......ભાવનગર. (સૌરાષ્ટ્ર)

# આ પુસ્તકો ક્યાંથી મેળવશો ?

## પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વ આદિ શુભ દિવસોમાં જ્ઞાનપ્રચાર અને જ્ઞાનભક્તિ કરવા ઈચ્છનારા ભાઈઓને

# ખુશ ખબર

સદ્બોધની ભાવનાથી સુંદર બે-ત્રણ ચિત્રો સહીત કથાઓ ધાર્મિક પર્વ આદિ શુભ પ્રસંગે પ્રભાવના કરી શકાય તેવી તૈયાર કરી છે. નાના મોટા સૌને હોંશે હોંશે વાંચવા ગમે તેવાં નીચેનાં પ્રકાશનો છે.

**(૧) પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ મહિમા [૨] અઠ્ઠમ તપનો પ્રભવ યાને નાગકેતુ (૩) મેઘકુમાર (૪) શેઠ નાગદત્ત [૫] સતી પ્રભંજના અને રોહિણી.**

તેની યોજના નીચે મુજબ કરી છે:-

**૧૦૦ નકલના રૂા. ૧૨ 卐 ૫૦૦ નકલના રૂા. ૫૫**
**૧૦૦૦ નકલનાં રૂા. ૧૦૦ (દરેક છુટક નકલના ત્રણ આના)**

પ્રાપ્તિસ્થાન:—

(૧) જૈન પ્રકાશન મન્દિર
ઠે. ડોશીવાડાની પોળમાં,
વિદ્યાશાલા સામે

(૨) સુધીરકુમાર રમણલાલ
ઠે. જૈન
પાંજરાપો

(૩) શાન્તિલા
ઠે. લાંબેશ્વર
રીલીફરોડ,

(૪) જૈન જ્વેલરી માર્ટ
ઠે. મોરીયાપાર્શ્વનાથની
ખડકીના નાકે, પાંજરાપોળ.

(૫) જસવંતલાલ ગિરધરલાલ
શાહ
રૂપા સુરચંદની પોળમાં

લાલ ચુનીલાલ
વેલારવાળા
ન કમળશીની પોળમાં
શાહપુર, અમદાવાદ.

ર્વાધિરાજ શ્રી પર્યુષ
તપનો પ્રભવ યાને નાગ
શેઠ નાગદત્ત [૫] સતી
નીચે મુજબ કરી છે:-

શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ ઈ મગનભાઈ છોટાભાઈએ યું,
સલાપસ